


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫૨ | ૩ મે, ૨૦૧૬, મંગળવાર ; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ભારતીય જનસંઘના સ્થાપક પ્રો. બલરાજ મધોકનું નિધન



મુંબઈ,તા. ૨

ભારતીય જનસંઘના સ્થાપક અને વરિષ્ઠ અગ્રણી બલરાજ મધોકના અવસાનથી આઘાતનું મોજુ ફરી વળ્યું છે. તેઓ ૯૬ વર્ષના હતા. બલરાજ મધોક છેલ્લા ઘણા સમયથી બિમાર હતા. દિલ્હીમાં રાજેન્દ્રનગર વિસ્તારમાં પોતાના આવાસ ઉપર સવારે ૯ વાગે તેમનું અવસાન થયું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રવક્તા દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલી અને સંઘના તમામ લોકોએ તેમને શ્રદ્ધાંજલિ આપી છે. ૨૫મી ફેબ્રુઆરી ૧૯૨૦ના દિવસે હાલમાં પાકિસ્તાનમાં રહેલા સ્કાર્દૂમાં તેમનો જન્મ થયો હતો. શ્રીનગર અને લાહોરમાં તેઓ ભણ્યા હતા. ૧૯૪૦માં ગ્રેજ્યુએટ થવાના બે વર્ષ પહેલા લાહોરમાં સંઘના સભ્ય બની ગયા હતા. ૧૯૪૨માં સંઘના સક્રિય સભ્ય બન્યા હતા અને જમ્મુ કાશ્મીરમાં રાજકીયરીતે સક્રિય બન્યા હતા. શરૂઆતમાં જમ્મુમાં પ્રજા પરિષદ પાર્ટી સાથે જોડાયેલા રહ્યા હતા. જનસંઘની રચના કરવા તેઓ અન્યો સાથે જોડાયા હતા.

# ઓગષ્ટા ડીલની લાંચ રકમ એફડીઆઈ મારફતે લવાઈ

### મોરિશિયસ અને ટ્યુનિશિયાની બોગસ કંપનીઓનો ઉપયોગ : સમગ્ર દેશ અને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવનાર ઓગસ્ટા વેસ્ટલેન્ડ મામલે ઉંડી તપાસ જારી : ૧૬૦ કરોડની રકમને લઈને હજુ માહિતી ન મળી

નવી દિલ્હી,તા. ૨

ભારતીય તપાસ સંસ્થા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ઓગષ્ટા વેસ્ટલેન્ડ સાથે વીવીઆઈપી હેલિકોપ્ટર ડીલમાં લાંચની રકમ ચાલબાજી કરીને એફડીઆઈ મારફતે ભારતમાં લાવવામાં આવી હતી. ઈડીના આ ધડાકાથી કેટલીક નવી વિગત પણ સપાટી પર આવી શકે છે. આના માટે મોરેશિયસ અને ટ્યુનેશિયાની કેટલીક બોગસ કંપનીઓનો ઉપયોગ કરવામાં આવ્યોહતો. જો કે એ ૧૬૦ કરોડ રૂપિયાના મોટા હિસ્સા અંગે કોઈ માહિતી મળી શકી નથી જે ઈટાલીની મિલાન કોર્ટ ઓફ અપીલ્સના કહેવા મુજબ વચેટિયા ગુઈડો હાશકને ઓગષ્ટા વેસ્ટ લેન્ડ તરફથી આપવામા ંઆવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને એવી કંપનીઓ અંગે માહિતી મળી છે જે કંપનીઓને ભારતીય યુનિટોમાં ૩૭ કરોડ રૂપિયા લગાવવા માટે બનાવવામાં આવી હતી. આ રકમ એજ ૧૬૦ કરોડ રૂપિયાના એક હિસ્સાના ભાગરૂપે હતી. એ વાત હજુ સ્પષ્ટ થઈ શકી નથી કે ટ્યુનેશિયાના એક બેંક ખાતામાં ગયા બાદ બાકીની ૧૨૩ કરોડ રૂપિયાની રકમ ક્યા ગઈ હતી. આ તમામ વિગત દિલ્હીના વકીલ ગૌતમ ખેતાનની સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ઈડી તરફથી દાખલ ચાર્જશીટમાં દર્શાવવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે ઓગસ્ટા વેસ્ટલેંડ હેલિકોપ્ટર સમજૂતિમાં ઈટાલીની એક અદાલતે હાલમાં જ મોટો ખુલાસો કર્યા બાદ ભારતમાં જોરદાર રાજકીય ગરમી છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં કોર્ટ એમ કહીને કોંગ્રેસની છાવણીમાં સોંપો પાડી દીધો છે કે કૌભાંડ થયું હતું અને લાંચ રૂશ્વત આપવામાં આવી હતી. કોર્ટે કબૂલાત કરી હતી કે, આ ડીલમાં ભ્રષ્ટાચાર મોટાપ્રમાણમાં થયું છે. ઓગસ્ટા કંપનીએ ભારતમાં ૩૬૦૦ કરોડ રૂપિયામાં ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરની સોદાબાજી કરી હતી. બીજી બાજુ આ ખુલાસા બાદ કેન્દ્ર સરકારે હવે રોમમાં ભારતીય દૂતાવાસ પાસેથી કોર્ટના ચુકાદા અંગે માહિતી માંગી છે. મળેલી માહિતી મુજબ ઈટાલીની અદાલતે ૨૨૫ પાનામાં પોતાનો ચુકાદો આપ્યો છે જેમાં ઘણી બધી બાબતોનો ઉલ્લેખ છે. ૩૬૦૦ કરોડ રૂપિયાની આ સોદાબાજીમાં ૧૨૫ કરોડની લાંચ અપાઈ હતી. પોતાના ચુકાદામાં ૧૭ પાનામાં એરફોર્સના પૂર્વ વડા એસપી ત્યાગીની ભૂમિકાનો પણ ઉલ્લેખ કરાયો છે. ચુકાદાના સિંગનોરા ગાંધીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# માલ્યાએ રાજ્યસભાથી આખરે રાજીનામું આપ્યું

### વિજય માલ્યા છેલ્લા ઘણા સમયથી કોઈ જવાબ આપી રહ્યા ન હતા : પેનલની બેઠક પહેલા રાજીનામાથી ચર્ચા



નવીદિલ્હી,તા. ૨

વિવાદોના ઘેરામાં રહેલા વિજય માલ્યાએ રાજ્યસભામાંથી આખરે રાજીનામુ આપી દીધું છે. રાજ્યસભાની પેનલ દ્વારા કેટલાક પ્રશ્નો તૈયાર કરી લીધા બાદ માલ્યાએ રાજીનામુ આપ્યું છે. ગૃહની પેનલ સમક્ષ જવાબ આપે તેના એક દિવસ પહેલા માલ્યાએ રાજીનામુ આપ્યું છે. આ પેનલ દ્વારા હાલમાં જ તેમની મેમ્બરશીપને રદ કરવાની ભલામણ કરી હતી. ૨૫મી એપ્રિલના દિવસે બેઠક દરમિયાન ગૃહમાંથી તેમની મેમ્બરશીપને રદ કરવાની ભલામણ કરાઈ હતી. પેનલને જવાબ આપવા માટે માલ્યાને એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો હતો.પેનલની બેઠક આવતીકાલે મળનાર છે જેમાં ગૃહમાં માલ્યાની મેમ્બરશીપ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવનાર છે. માલ્યા કર્ણાટકમાંથી ગૃહના અપક્ષ સભ્ય તરીકે છે. તેઓ હાલમાં ૯૦૦૦ કરોડ રૂપિયાની લોનની ચૂકવણી નહીં કરવાના મામલામાં કોર્ટ કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે. વિજય માલ્યા વર્ષ ૨૦૦૨માં અને ત્યારબાદ વર્ષ ૨૦૧૦માં ઉપલા ગૃહમાં ચૂંટાઈ આવ્યા હતા. જનતાદળ યુનાઈટેડના નેતા શરદ યાદવને કમિટિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, એવો નિર્ણય લેવાયો છે કે વિજય માલ્યાની હકાલપટ્ટી થવી જોઈએ.

# યુપીમાં રાહુલને મુખ્યપ્રધાન પદ માટે પ્રોજેક્ટ કરાશે

### યુપીના મુખ્ય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરની ગણતરી તૈયાર : રાહુલને ચૂંટણીની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ઉત્તર પ્રદેશની મોટી જવાબદારી સોંપી લોકોમાં વિશ્વાસ જગાવવા પ્રયાસ થઇ શકે



નવી દિલ્હી,તા. ૨

ચૂંટણીની દ્રષ્ટિએ ખુબ જ મહત્વપૂર્ણ બની ગયેલા ઉત્તર પ્રદેશમાં પોતાની સ્થિતિને વધુ મજબૂત કરવા અને અસ્તિત્વને ટકાવી રાખવા માટે સંઘર્ષ કરી રહેલી કોંગ્રેસ પાર્ટી ટૂંક સમયમાં જ કોઈ ચોંકાવનારી જાહેરાત ઉત્તર પ્રદેશ માટે કરી શકે છે. કોંગ્રેસના ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર માને છે કે, ઉત્તર પ્રદેશ ચૂંટણીમાં રાહુલ ગાંધીનો ચહેરો પાર્ટીના ભાગ્યને બદલી શકે છે. રાહુલ ગાંધીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે તેવો અભિપ્રાય પ્રશાંત કિશોર વ્યક્ત કરી ચુક્યા છે. કોંગ્રેસના ઉચ્ચ સ્તરીય સૂત્રોને ટાંકીને એક અગ્રણી મેગેઝિનના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, પ્રશાંત કિશોર એમ માને છે કે, વર્ષ ૨૦૧૯માં ચૂંટણીમાં કોંગ્રેસ એજ કારણસર સારો દેખાવ કરી શકે છે જ્યારે પાર્ટીની જવાબદારી રાહુલ ગાંધીને યુપીમાં સોંપવામાં આવે છે અને એવી સાબિતી મળે છે કે રાહુલ ગાંધી પાર્ટીને જીત અપાવી શકે છે.

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમને જીત અપાવી શકે છે તેવી ખાતરી તમામને થાય તે જરૂરી છે. અહેવાલ મુજબ પ્રશાંત કિશોરને લાગે છે કે, આ પ્રયોગ માટે રાજકીયરીતે ખુબ જ મહત્વપૂર્ણ ઉત્તરપ્રદેશની પસંદગી આદર્શ હોઈ શકે છે.

# ગુજરાતના સાંસદોની આજે દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક

### અમિત શાહ સાંસદોને જરૂરી માર્ગદર્શન આપશે : વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભા ચૂંટણીને લઇને નીતિ તૈયાર કરાશે

અમદાવાદ,તા. ૧

ગુજરાતના વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા ખુબ વહેલીતકે તૈયારીઓ હાથ ધરવામાં આવી ચુકી છે. ભાજપ દ્વારા તૈયારીઓની સમીક્ષા કરવા અને નવા નવા આયોજન કરવા માટે બેઠકોના દોર શરૂ થઈ ગયા છે. આ દિશામાં ભાજપ પ્રમુખ અમિત શાહે આવતીકાલે મંગળવારે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રાજકોટના સાંસદ મોહન કુંડારિયાના આવાસ ઉપર તમામ ભાજપ સાંસદોની અતિ મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. ગુજરાત ભાજપના સાંસદો આ મિટિંગમાં ઉપસ્થિત રહેશે. જેમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૭માં યોજાનારી ચૂંટણી માટેની તૈયારીની રુપરેખા આમા તૈયાર કરવામાં આવે તેમ માનવામાં આવે છે.



ચકલીઘર નિર્માણ - ધોમધખતા તડકામાં અબોલ પક્ષીઓને ગરમીથી રક્ષણ આપવા ચકલીઘરના વિતરણ માટે નિર્માણ કાર્ય પણ જોરદાર રીતે ચાલે છે... આજકાલ પક્ષી પ્રેમીઓ પક્ષીઘરનું વિતરણ પ્રેમપૂર્વક કરતા હોય છે... જેના માટે મોટી સંખ્યામાં એડવાન્સમાં ઓૅર્ડરો નોંધાતા કારીગરો રાતદિવસ ચકલીઘર તૈયાર કરી રહ્યા છે.

# હાર્દિકની જામીન અરજી પર આજે અતિમહત્વનો ચુકાદો

### રાજદ્રોહ કેસમાં જેલમાં બંધ હાર્દિકની આજે મુક્તિની સંભાવના

અમદાવાદ, તા. ૨

પાટીદારો માટે અનામતની માંગણી કરીને ગુજરાત સરકારને હચમચાવી મુકનાર હાર્દિક પટેલની જામીન અરજી ઉપર આવતીકાલે ફેંસલો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. તેની સુનાવણીને લઈને સસ્પેન્સની સ્થિતિ છે પરંતુ હાર્દિકને સુરત અને અમદાવાદના રાજદ્રોહના કેસમાં રાહત મળી શકે છે. બીજી બાજુ વિસનગરમાં પણ તેની સામે અન્ય એક કેસ ચાલી રહ્યો છે જે મામલામાં છઠ્ઠી મેના રોજ સુનાવણી યોજાનાર છે. હાર્દિક ૧૮મી ઓક્ટોબર ૨૦૧૫થી જેલમાં છે. રાજદ્રોહના કેસમાં જેલમાં બંધ પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલની જામીન અરજીની આવતીકાલે સુનાવણી થશે. હાર્દિકને સુરત અને અમદાવાદના રાજદ્રોહના કેસમાં જામીન મળે તેવી પ્રબળ શક્યતા છે એમ સુત્રો કહી રહ્યા છે. જ્યારે વિસનગરમાં ચાલી રહેલા અન્ય એક

● અનુસંધાન પાન-૭ પર


